સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

ડાકલાં દિવાળીનાં વાગ્યાં ને મોંઘવારી ધૂણે છે!
છે બધી બાહ્ય દમકઝમક વિકાસ ખૂણે છે!
દૂણે છે 'લોકશાહી પદ્ધતિ' મનમાં છે મૂંઝારો -
ખૂદનાં ઢોલ-નગારાંમાં પ્રજાનું કોણ સૂણે છે??

હાઈકુ

સેનાની ધાકે -
થથરે લોકશાહી -
પાકિસ્તાનમાં...
(સેનાની ગુપ્ત બેઠકો ઉદ્યોગપતિ સાથે)

ભૂત ભાગ્યું ત્યાં -
હવે પલિત જાગે -
પાકિસ્તાનમાં...
(લ્યો! મુશર્રફનું આગમન)

ચિંતન

આત્મતત્વ જાને નહીં, કોટિ કથૈ કીન જ્ઞાન,
તારત તિમિર ભગે નહીં, જબ લગે ઉગે ન ભાન.

ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.

કહેવાતાં જ્ઞાની પંડિતો ગમે તેટલી વિદ્યા ભણ્યા હોય, ગમે તેટલું જ્ઞાન મેળવ્યું હોય પણ જ્યાં સુધી આત્મતત્ત્વ જાણે નહીં કે સમજે નહીં ત્યાં સુધી ગમે તે પ્રકારનું અને ગમે કેટલું જ્ઞાન તેમણે મેળવ્યું હોય પણ તે તેમનાં અજ્ઞાનરૂપી અંધકાર મટાડવા માટે પૂરતું નથી.

જેમ આકાશમાં સૂર્યનો ઉદય થાય અને અંધકાર જાય, અત્યાર સુધી તેને જે દેખાતું ન હોય તે દેખાવા લાગે તેમ જ કબીર કહે છે આત્મતત્વરૂપી સૂર્યનો હૃદયમાં ઉદય થવા સિવાય આખી દુનિયામાં પદાર્થો અને બનાવો જુદી જ દૃષ્ટિએ દેખાય છે. આત્મામાં પ્રકાસ ફેલાય અને અજવાળું થાય એટલે મનુષ્યની દૃષ્ટિ જ બદલાઈ જાય છે. તેમાનાં જ્ઞાન અને શ્રદ્ધાનો ઉદય થાય છે જે પરમાત્માની ઓળખ કરાવે છે.

સુવિચાર

- આત્માનો મોક્ષ કરવાનો નથી, આત્મા તો મોક્ષ સ્વરુપ જ છે. અહંકારનો મોક્ષ કરવાનો છે - **નિરુબેન અમીન**
- મોક્ષનો માર્ગ શો છે ? વિવેકમાંથી સદ્‌વિવેક, સદ્‌વિવેકમાંથી વિનય, વિનયમાંથી પરમ વિનય અને પરમ વિનયથી મોક્ષ !! - **સ્વામિ વિવેક ભારતી**
- ક્રોધ ધર્મને જ નહિ, વ્યવહારને પણ બગાડે છે - **સંતવાણી**
- જીવતા માણસ માટે પાપથી ભરેલા અંતઃકરણની પીડા જ નરક છે - **સંત રોબિન**
- જેઓનું કોઈ ભવિષ્ય નથી, જેઓ અનાથ છે, એળાઓને જે છાતી સરસા ચાંપે છે તે સાચા સંત છે, ઈશ્વર એવા સંતને પ્રેમ કરે છે - **સંત તુકારામ**
- ભાષાઓનો અનુવાદ થઈ શકે, પરંતુ... ભાવનાઓનો નહીં - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : સફરજનમાંથી બનેલો સરકો એક ચમચી એક ગ્લાસ નવશેકા પાણી સાથે મિક્સ કરીને પીવાથી લીવર મજબૂત બને છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

એક લેખિકા હંમેશા સારું અને હકારાત્મક જ લખે. ન કોઈની ટીકા કે ફરિયાદ... ન કોઈ કટાક્ષ... સરળ અને રસાળ લખાણ એમની આવડત રહી. રોજ રાત્રે લેખિકા ડાયરી લખે. એ ડાયરી જો કોઈ પ્રકાશક વાંચે તો તે આ ડાયરી જ પુસ્તકરુપે છાપી નાખે. એમની ડાયરીનું એક પાનું. આ મુજબ છે. ... હું બહું ખુશ છું... આજે મારા પતિના પગ દુઃખતા હતા... મેં અડધો કલાક દબાવ્યા પણ તેમને સારું થયું નહીં... તેમણે... મારી ચિંતા કરતાં કહ્યું તું સઈ જા... થાકી ગઈ હઈશ... હું ખુશ છું કે મારા પતિ અમારા સૌની ચિંતા કરી થાકી જાય છે... અને પોતાની પીડામાં પણ મારી ચિંતા કરે છે એટલો એમનો સ્નેહ છે... હું ખુંશ છું... કે મારો દીકરો રાત્રે સમય પર ઘરે આવે છે... મારી સાથે બધી જ વાતો શેર કરે છે... અન્ય યુવાનોની જેમ રાત્રે રખડતો નથી... હું ખુંશ છું... કે... પતિનો ગઈકાલે આપેલો પગાર વપરાઈ ગયો છે કારણ કે વીજળી બીલ... ઈસ્ત્રીવાળાનું બીલ, કામવાળી બાઈને, દૂધ વાળાને સમયસર પૈસા ચૂકવાઈ ગયા છે અને અમે આ બધાની સેવા લેવા માટે સક્ષમ છીએ. હું ખુશ છું કે... આખો દિવસ ખૂબ કામ કરીને હું એકદમ થાકી ગઈ છું... હું ખુશ છું કે તેમ છતાં મારા લેખન કાર્યને ન્યાય આપી શકું છું... હું ખુશ છું કે... આજે મારા ઘરના ઝાડું પોતાના મારે જાતે કરવાં પડ્યાં... કામવાળી બાઈને સાયકલ વાળાને ટક્કર મારી તેને પગમાં વાગ્યું લોહી નીકળ્યું તેમ છતાં તે કામ કરવા આવી.... મેં તેને દવા આપી અને તેને કામમાં મદદ કરવા ઝાડું પોતા જાતે કરી લીધા... અને એને થોડોક આરામ કરવા કહ્યું... મેં તેને મદદ કરી અને મારી પણ કસરત થઈ... લેખિકાની દરેક બાબતમાં એકદમ સકારાત્મક વિચાર સરણી. આપણે પણ દરેક બાબતે જીવનમાં બૂમો ન પાડતાં સકારાત્મકા શોધીએ... ખુશ રહીએ...

કેટકેટલા રાવણો સાથે લડી રહી છે માનવજાત

તંત્રીસ્થાનેથી...

વિજયાદશમી પૂર્વે જ સુપ્રીમ કોર્ટે 'આરે કોલોની'માં વધુ વૃક્ષો નહીં કાપવા અંગે સ્ટે લગાવી દીધો પરંતુ અખબારી અહેવાલો મુજબ જેટલાં વૃક્ષો કાપવાનું લક્ષ્યાંક નક્કી કરેલું એ પૈકીનાં ૯૮ ટકા વૃક્ષો તો ત્યાં સુધીમાં કપાઈ ચૂક્યાં હતા. હવે ખુદ મુંબઈ મહાનગરના ડાહ્યાડમરા વહીવટદારો કહી રહ્યા છે કે અદાલતના આદેશનો અમે આદર કરીએ છીએ અને હવે પછી એક પણ વૃક્ષ કાપવાની જરૂર નહીં પડે. મેટ્રો રેલના પ્રોજેક્ટ સાથે સંકળાયેલ આ વૃક્ષવિરોધી ઘટના સામે જનતા જનાર્દનનો રોષ ભભૂકી ઊઠ્યો હતો. પર્યાવરણપ્રેમી યુવકયુવતીઓ ધરણાં પર બેસી ગયાં હતાં અને મહારાષ્ટ્ર સરકાર તથા મુંબઈ વહીવટતંત્ર માટે આ વિચિત્ર પરિસ્થિતિને પહોંચી વળવાનું કામ અઘરું બની ગયું હતું. સામે, બહુ જ નજીકના દિવસોમાં વિધાનસભાની ચૂંટણીનું મતદાન દેખાતું હોઈ શાસક પાર્ટીઓના ગઠબંધન માટે આ પ્રશ્ન શિરોવેદના સમો બની રહ્યો હતો. સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશે દિલ્હીના પર્યાવરણ સંગઠનના ડેલિગેશનની રજૂઆતને સુઓમોટો સ્વીકારી લઈ તત્કાળ સુનાવણી હાથ ધરાવી, એક ખાસ બેન્ચ પણ બનાવી. વૃક્ષછેદન પર તત્કાળ સ્ટે ઓર્ડર જાહેર કરવાની સાથે કેન્દ્રના પર્યાવરણ મંત્રાલયને પણ કેસમાં પાર્ટી બનાવવાનો આગ્રહ રાખ્યો. હવે જે વૃક્ષોને બચાવવા જહેમત ઉઠાવાઈ હતી એ તો ભારે પોલીસ પહેરા વચ્ચે અને ૧૪૪ કલમની છત્રછાયા હેઠળ શહીદ થઈ ચૂક્યાં છે, પરંતુ મુંબઈ જેવા આંતરરાષ્ટ્રીય મહાનગરના ફેફસા તરીકે ઓળખાતું આરે કોલોનીનું 'ડીમ્ડ' જંગલ અડધ ઉપરાંત તો કપાઈ ચૂક્યાં છતાં રાજકીય નેતાઓ કે બ્યુરોક્રસીને એનો અફસોસ ન હોય તે કેવી વિડંબના છે ! માત્ર શિવસેનાએ આ મુદ્દો ગંભીરતાપૂર્વક ઉઠાવી એ પર્યાવરણ પ્રેમીઓની પડખે રહેવાની ખાતરી આપી છે. મહારાષ્ટ્રમાં દેવેન્દ્ર ફડણવીસના નેતૃત્વ હેઠળની ભાજપ-શિવસેના ગઠબંધન સરકારના નેજા હેઠળ જ મેટ્રો રેલ પ્રોજેક્ટના ઉપક્રમે આ હરિયાળા વૃક્ષોનો સોથ વાળી દેવાયો છે. પર્યાવરણપ્રેમી જનતાએ આ મુદ્દો અત્યંત ગંભીરતાપૂર્વક રાજકીય પક્ષોના ધ્યાને અને કાને નાખ્યો છે. હજી તો બુલેટ ટ્રેન યોજના અન્વયે મેનગ્રુવની ઝાડીઓનું નિકંદન નીકળવાનું જ છે. આરે કૉલોનીનું જંગલ સંજય ગાંધી રાષ્ટ્રીય ઉદ્યાનનો જ ભાગ ગણાતું રહ્યું છે અને એને કાપવાની મંજૂરી વિકાસના ઓઠા હેઠળ મેળવી લઈ વહીવટીતંત્રે એનો વક્કર દેખાડ્યો છે. અલબત્ત, એથી મુંબઈની પ્રજાને જ આરોગ્યલક્ષી હાનિ થવાની છે - પ્રદૂષણ અટકાવી શહેરનો ઑક્સિજનની લહાણી કરતા હરિયાળા જંગલ પર કૂડી નજર નાખનારો વૃક્ષો સાથે જ નહીં બલકે માનવો અને એ જંગલ વિસ્તારમાં રહેતી પશુ-પંખીઓની અનેક પ્રજાતિઓ સાથે અન્યાય કર્યો છે, એમ કહેવામાં લેશ પણ અતિશયોક્તિ નથી. દેશભરમાં આરે કોલોની બચાવવા માટે સહીઝુંબેશ શરૂ થઈ છે. ઉદ્ધવ ઠાકરે અને એમના મહત્ત્વાકાંક્ષી પુત્ર આદિત્ય ઠાકરેને કદાચ આ મુદ્દો ફળે પણ ખરો, પરંતુ સરકાર ભાજપના નેતૃત્વવાળી છે અને જો આ મુદ્દો વિશેષ જોર પકડે તો એથી શાસક પક્ષનીગણતરીઓ ઊંધી વળી શકે એમ છે. કાયદાના વિદ્યાર્થીઓના જૂથની ફરિયાદને સુઓમોટો અરજી તરીકે સ્વીકારી તત્કાળ સક્રિય બનેલા મુખ્ય ન્યાયામૂર્તિ જસ્ટિસ રંજન ગોગોઈએ જવાબદાર ન્યાયપાલિકાનું પ્રશંસનીય ઉદાહરણ પૂરું પાડ્યું છે, એની પણ નોંધ લઈએ.

તો એમ વાત છે... મોટી બહેનની સામે ભેદ ખુલી ન જાય તે માટે 'વિડો-ડ્રેસિંગ' થઈ રહ્યું છે

નવાં કલેવર
નટવર હેડાઉ

દશેરાના ગરમાગરમ ફાફડા-જલેબીની સુગંધ કાલે આખો દિવસ આવતી હતી. બા ને એમ હતું કે હમણાં દીકરો કે વહુ તેને આવી જશે પણ એવું કંઈ બન્યું નહોતું. બા વિચારતા રહ્યાં કે જે નસીબમાં હશે તે થશે, પણ શું થાય ઘડપણમાં ઈચ્છાઓ બાળકો જેવી થતી જાય છે.

તેમને મનમાં એમ થયું કે હમણાં જ ઊભી થઈ ડાઈનિંગ ટેબલ પાસે પહોંચી જાઉં અને બધું ગરમાગરમ લઈ આરોગવા લાગું પણ તરત ગયા વર્ષનો પ્રસંગ યાદ આવી ગયો. આ જ રાતે ગઈ સાલ જીભમાં પાણી આવી જતાં તે પોતાની જાતને રોકી શક્યા ન હતા.

પોતાની ઓરડીમાંથી નીકળી બેઠકખંડમાં આવતાં જ દીકરો-વહુ તેના પર તૂટી પડ્યાં હતા. શું બા તમે પણ જાણે કે મહિનાઓથી ભૂખ્યાં હો તેમ આવી ગયાં. આ ઉંમરે તમારો જીભનો ચટાકો જતો નથી. હવે તો હદ થઈ ગઈ... અને તે જ્યાં ઊભા હતા ત્યાં જ અટકી ગયેલા, અને કહેલું કે -

'હું' તો બસ એમ જ જોતી હતી. તેમની વાત પૂરી થાય તે પહેલાં દીકરા-વહુએ તેમને ફરી પોતાની ઓરડીમાં ધકેલી દીધેલાં.

ત્યારથી હવે તેમને ખાવાનું માંગવાની હિંમત જ થતી નથી. જે મળે ને જયારે મળે ત્યારે ખાઈ લે છે. પતિના ગયા પછી સંપૂર્ણ રીતે એ દીકરા-વહુને આશરે જીવતાં હતા. તેમાં પણ ઘડપણ...

વિચારતાં વિચારતાં તેમની આંખો ભીની થઈ ગઈ. પહેલા દશેરાને દિવસે વહેલા ઊઠી તેમના પતિ ગરમાગરમ ફાફડા-જલેબી લઈને આવતા ત્યારે દીકરો-વહુ ગરબામાંથી મોડે આવેલ હોઈ સૂતા હોય તેને પોતે કેટલા પ્રેમથી જગાડતાં અને ત્હાં અને નાસ્તો કરાવતાં એ દિવસો હતા સ્વપ્નવત બની ગયા છે. હવે તો કદાચ આ બધું વધે તો સાંજ સુધીમાં તેમનો વારો આવશે તેમ લાગતું હતું. એમ વિચારી તે આડે પડખે થવા જતાં હતાં ત્યાં ઓરડી તરફ કોઈ આવી રહ્યું હોય તેવો પગરવ સંભળાયો.

'બા... બા... તમારા માટે ગરમાગરમ ફાફડા-જલેબી લાવ્યો છું. મને ખબર છે કે તમને બહુ જ ભાવે છે.' દીકરાએ મધુર સ્વરે કહ્યું. સાથે આવેલ વહુના હાથમાં મોટી થાળી હતી. પલંગમાં બેઠા થઈ બાએ જોયું તો થાળીમાં કચોરી, પુરી, સમોસા અને ફાફડા-જલેબી બધું જ હતું. 'આજ સૂરજ કઈ તરફ નીકળ્યો ? નસીબ ઉઘડી ગયા. બાને વિશ્વાસ ન પડ્યો. શું આ સપનું તો નથી ને? ના પણ આ તો પ્રત્યક્ષ પ્રમાણ હતું.'

'બા, મોટી બહેન અમેરિકાથી આવ્યા છે. વૉશરૂમમાં છે. થોડીવારમાં તમને મળવા આવશે ત્યાં સુધી તમે આરામથી નાસ્તો કરી લો.'

તો એમ વાત છે. મોટી બહેનની સામે ભેદ ખુલી ન જાય તે માટે 'વિડો-ડ્રેસિંગ' થઈ રહ્યું છે. બા, સાચી વાત જાણી હંસી પડ્યા. અને થાળી પર તૂટી પડ્યા. એક દિવસ માટે હોય તો ભલે એક દિવસ માટે ખોટું શું છે ? છેવટે તેમને મારું મહત્ત્વ તો સમજાયું. એમ વિચારતાં પકવાનોનો સ્વાદ એ લેવા લાગ્યા.

હે શ્રીકૃષ્ણ, અમારા પ્રિયજન સાથેની અમારી પ્રીતિ શાશ્વત રહો

આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

વેદવ્યાસ રચિત મહાકાવ્ય મહાભારતમાં વર્ણવેલો 'ખાંડવ દહન' પ્રસંગ ખૂબ જ જાણીતો અને રસપ્રદ છે. આ પ્રસંગનું વિગતવાર વર્ણન મહાભારતના આદિપર્વ ૨૨૧ થી ૨૨૭ સુધીના અધ્યાયમાં કરવામાં આવ્યું છે. અગ્નિદેવની સહાય કરવા માટે અને અગ્નિદેવ તથા અન્ય દેવોની મદદથી શ્રીકૃષ્ણ અને અર્જુને સાથે મળીને ખાંડવ વનનું દહન કર્યું હતું. આ કાર્ય દરમ્યાન અર્જુનને ગાંડીવ ધનુષ્ય ભેટરૂપે મળ્યું હતું. અર્જુનના બાણ ક્યારેય ના ખૂટે એવા બે અક્ષય ભાથા પણ ભેટરૂપે મળ્યા હતા. વિશ્વકર્માજીએ પોતે બનાવેલો એક દિવ્ય રથ પણ ખાંડવ દહન દરમાયન જ અર્જુનને ભેટ મળ્યો હતો. ખાંડવ દહન પછી અર્જુનને મયદાનવ સાથે મિત્રતા થઈ ગઈ હતી જેણે સ્વર્ગ જેવી ઇન્દ્રપ્રસ્થ નગરીનું નિર્માણ કરવામાં પાંડવોને સહાય કરી હતી. આમ ખાંડવ દહનનો પ્રસંગ અર્જુનના જીવનનો એક મહત્વનો પ્રસંગ બની ગયો હતો. જે કાર્ય દેવતાઓ પણ કરી શકતા ન હતા એ ખાંડવ દહનનું કાર્ય અર્જુન અને શ્રીકૃષ્ણએ સાથે મળીને કરી બતાવ્યું. એ બંનેના કાર્યથી ઈંદ્રદેવ સહિત દેવતાઓ પ્રસન્ન થયા અને શ્રીકૃષ્ણ તથા અર્જુનને વરદાન માંગવાનુ કહેતા એવું કહ્યું હતું કે;

વરાન વૃણીતં તુષ્ટોઽસ્મિ દુર્લભાનાપ્ય માનુષાન (આદિપર્વ ૨૨૫.૮)

અર્થાત 'હું પ્રસન્ન છું. તમે વરદાન માંગો. પુરુષ માટે દુર્લભ હોય એવું વરદાન માંગો, હું તે આપીશ'.

અર્જુન પરાક્રમી હતા એટલે સ્વાભાવિક છે કે તેની દ્રષ્ટી પરાક્રમ અને શસ્ત્રો તરફ જ હોય. એક વીર યોદ્ધા તરીકે અર્જુને ઈંદ્રદેવ પાસેથી દિવ્ય શસ્ત્રો માંગ્યા. ઈંદ્રદેવે અર્જુનને કહ્યું કે મારા વરદાન પ્રમાણે તને દિવ્ય શસ્ત્રો મળશે પણ એ માટે તારે ભગવાન શિવનું તપ કરવું પડશે. તારા તપ થકી શિવ પ્રશન્ન થશે અને તને દિવ્યાસ્ત્રો આપશે.

પાંડવોના બાર વર્ષના વનવાસ દરમ્યાન અર્જુન એક વર્ષ ઈંદ્રલોકમાં ગયા હતા, ઇન્દ્રલોકમાં જઈને અર્જુને ભગવાન શિવની ઘોર તપસ્યા કરી હતી. અર્જુનની તપશ્ચર્યાથી ભગવાન શિવ પ્રસન્ન થયા હતા અને તેને દિવ્ય શસ્ત્રો આપ્યા હતા.

ખાંડવ દહન પછી ઇન્દ્રદેવે શ્રીકૃષ્ણને પણ વરદાન માંગવા કહ્યું ત્યારે શ્રીકૃષ્ણએ બીજું કઈ જ માગવાને બદલે ઈંદ્રદેવ પાસેથી પાર્થ સાથેની પોતાની શાશ્વત પ્રીતિ રહે એવું વરદાન માગતા કહ્યું હતું કે;

પ્રીતિ પાર્થેન શાશ્વતીમ (આદિપર્વ ૨૨૫.૧૨)

આપણા પૌરાણિક ગ્રંથોમાં એવા અનેક પ્રસંગો છે કે જેમાં કોઈએ દેવી, દેવતા કે ભગવાનને પ્રસન્ન કરવા માટે ઘોર તપશ્ચર્યા કરી હોય અથવા તો પરાક્રમી કર્યો કર્યા હોય અને તેના બદલમમાં તેમણે વરદાન મળ્યું હોય. આમ કોઈપણ પાસેથી વરદાન મેળવવું ખૂબ જ કઠીન છે. પછી એ વરદાન આપવા વાળા દેવ હોય, ઈશ્વર હોય, દાનવ હોય કે માનવ હોય. પૌરાણિક ગ્રંથોમાં એવા પણ ઘણા ઉદાહરણો છે કે વરદાન મળ્યા પછી એ વરદાન માગતા ના આવડ્યું હોય ત્યારે એ વરદાન જ અભિશાપરૂપ બની ગયું હોય અને વરદાન માગનાર માટે એ વરદાન જ વિનાશનું કારણ બની ગયું હોય.

ઘોર તપસ્યા પછી વરદાન મળે એ તો સિદ્ધિ જ ગણાય પણ એ વરદાન મળ્યા પછી વરદાનમાં શું માગવું એ પણ એક એક વિશિષ્ટ કળા છે. શ્રીકૃષ્ણને એ કળા હસ્તગત હતી, એ કળા આવડતી હતી. એટલે શ્રીકૃષ્ણએ બીજું કઈ જ માગવાને બદલે વરદાનમાં અર્જુન સાથેની પોતાની પ્રીતિ માગી. એ પ્રીતિ પણ કેવી ! શાશ્વત પ્રીતિ !

સૂર્યનું રોજ પૂર્વ દિશામાં પ્રગટ થવું એ શાશ્વત છે. સૂર્યનું પશ્ચિમમાં આથમવું એ પણ શાશ્વત ઘટના છે. એ જ રીતે ગ્રહો. નક્ષત્રો, તારાઓનું બ્રહ્માંડમાં સૂર્યની આપસાસ સતત ઘૂમ્યા કરવું એ પણ શાશ્વત ઘટના છે. આમ પૂર્ણ બ્રહ્માંડમાં શાશ્વત હોય એવું ઘણું છે છતાં પૃથ્વી ઉપરનું ઘણુખરું નાશવંત છે.

શ્રીમદ ભગવદ ગીતની ફિલસૂફી પ્રમાણે નામ તેનો નાશ છે. શરીર નશ્વર છે. માણસ નશ્વર છે. જીવ માત્ર નશ્વર છે. પણ આત્મા અજર. અમર, શાશ્વત છે.

શ્રી કૃષ્ણ તો સૌ કોઈને પ્રેમ કરતાં હતા અને સૌ કોઈ શ્રીકૃષ્ણને. શ્રીકૃષ્ણને સૌ સાથે પ્રીતિ રહી છે અને સૌને શ્રીકૃષ્ણ સાથે. મહાભારત, શ્રીમદ ભાગવતના ભાસ્યકારોનો એવો મત છે કે શ્રીકૃષ્ણને જેની સાથે સાખ્ય હતું એવા દ્રૌપદી સાથે પણ શાશ્વત પ્રીતિ હતી. શ્રીકૃષ્ણની રાધાજી સાથેની પ્રીતિને પણ શાશ્વત જ કહી શકાય પણ શ્રીકૃષ્ણ અને અર્જુનની શાશ્વત પ્રીતિ તો શ્રીકૃષ્ણને ઈંદ્રદેવ પાસેથી વરદાનમાં મળી હતી. વરદાનમાં શાશ્વત પ્રીતિ શ્રીકૃષ્ણને તો મળી પણ અર્જુન પણ કેવા નસિબદાર કે કૃષ્ણની સાથે સાથે તેમને પણ શાશ્વત પ્રીતિ મળી ગઈ, આપોઆપ, માગ્યા વિના અને એ પણ શ્રીકૃષ્ણની. શાશ્વત પ્રીતિ એ પણ નરની અને નારાયણ સાથેની !

શ્રીકૃષ્ણને વરદાનમાં અર્જુન સાથેની શાશ્વત પ્રીતિ શા માટે માગવી પડી? અર્જુન સાથેની પોતાની પ્રીતિ શાશ્વત રહેશે કે નહિ તેના વિશે શ્રીકૃષ્ણને કોઈ સંદેહ હતો ? શાશ્વત પ્રીતિ જો શ્રીકૃષ્ણને પણ ઈન્દ્રદેવ પાસેથી વરદાનમાં માંગવી પડી હોય તો તેની સામે માણસનું ગજુ કેટલું?

(ક્રમશઃ)

આર્થિક પ્રશ્નોથી જીવનત્રસ્ત હોય ત્યાં દંડપ્રથા પીડાદાયી!

જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

જીવન પરનો પ્રેમ પ્રતિદિન કમ થઈ રહ્યો હોય તેવા લોકો હકીકતમાં અસ્તિત્વનો આનંદ પણ લઈ શકતા નથી. જીવનનો પ્રત્યેક દિવસ અને હરપલ જીવી લેવાનું જરૂરી છે તેવું જાણવા છતાં સમાજના બહુધા લોકો જીવન ને બોજ માની ને આયખુ પૂરું કરવાની ગણતરીમાં પોતાની જિંદગી જીવે છે ત્યારે આર્થિક દૃષ્ટિએ કંઈક હવે રાહત મળશે તેવી આશામાં દિવસો વિતાવે તે હાત ભારતની પ્રવર્તે છે પરંતુ સારી વાત એ છે કે ચોમાસું ઘણું જ સંતોષકારક રહ્યું ગુજરાતમાં સો ટકાથી વધુ વર્ષા નોંધાઈ છે મોટા ભાગના ડેમોમાં જળસંગ્રહ સારો થઈ ગયો છે. રોડ-રસ્તાની હાલત ખસ્તા થી છે ઉપરાંત વધુ વરસાદ વાળા જિલ્લાઓમાંથી રોગચાળો શરુ થઈ ગયો છે. જનતાનો મોટો હિસ્સો કૃષિક્ષેત્રમાંથી હજી રોજગારી મેળવે છે તેથી હાલ સ્થિતિ કંઈક સારી થઈ છે કેમ કે ખરીફ પાક ઉમદા પેદા થવાની આશા સેવવામાં આવે છે. બીજી તરફ શહેરીકરણમાં વસ્તી પાસે ખુબ મુંઝવણો દેખાય છે, ખર્ચા વધતા જાય છે અને આવકો વધી શકતી નથી. તાજેતરમાં જ રિઝર્વ બેંકના ગર્વનર દ્વારા પણ આર્થિક હાલત નબળી થતી હોવા ઉપર ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. જીડીપી પાંચ ટકા જેટલો રહે તો એ અવશ્ય ગંભીર હકીકત ગણી શકાય !

લોકો ને અર્થશાસ્ત્ર કે આંકડાઓમાં રસ નથી અથવા પૂરતી ખબર નથી પણ પ્રજા તરીકે તે ઈચ્છે છે કે હવે મોંઘવારી ના વધે જેથી ખરીદ પ્રક્રિયા શરુ થાય. ટ્રાફિક અંગે નવા નિયમો અને નવી નીતિ જે જાહેર થઈ તે સારી બાબત હોવા છતાં ટીકાઓ - રોષ અને અજંપો વધી ગયો છે. દેશમાં રિનોવેશન થઈ રહ્યું છે અને અનુશાસનના માર્ગે જઈ રહ્યા છીએ એ માટે કોઈ વિરોધ નથી પણ પહેલા જમીની હકીકતો અવશ્ય ધ્યાનમાં લેવી જ પડશે એ સમજો !?

હાલના સમયમાં બજારમાં માહોલ મંદી જેવો છે. બચતો થઈ શકતી નથી અને થાય તો વળતર નથી, વ્યાજદર નજીવા થતા જાય છે આ ઉપરાંત વધુ રકમ વ્યાજની મેળવવા જાય તો ટેક્સથી રકમ કપાતી રહે છે. નાની બચતોથી દેશ મોટી આર્થિક શક્તિ મેળવતો એ વાત દરિયામાં ડૂબી ગઈ લાગે છે. વિદેશોમાં જે અનુશાસન - પદ્ધતિઓ - ઢાંચો વગેરે જોવા મળે છે એ પ્રકારે ભારતમાં બધુ રાતોરાત થઈ જાય તેવું નથી. દંડનીય કાર્યવાહીથી બધુ સુધરી જતું નથી. સરકારને પ્રજાની એટલી ચિંતા જ હોય તો ટોબેકો ઉત્પાદકો અને વાવેતર ઉપર કડક નિયંત્રણો મૂકો જેમાં રોજ લાખો નાગરિકો મરી રહ્યા છે, શરાબબંધી શા માટે જડબેસલાક કરી શકાતી નથી. ગુજરાતમાં દારૂ હજી સરળતાથી બધે જ ઉપલબ્ધ શા માટે છે ? ગામડાની પ્રજા પાસે મોંઘા અને પ્રમાણિત હેલ્મેટ ખરીદવાની તાકાત નથી અથવા ડીજીલોકમાં પેપર્સ કઈ રીતે સરળતાથી રાખી શકાય તેની કોઈ જાણકારી નથી. અકસ્માતોથી પુષ્કળ લોકોના મોત થઈ રહ્ય છે પમ એનો અર્થ એવો નથી કે ભારે રકમના દંડ કરવાથી સ્થિતિ ઉમદા થઈ જશે. આપણે પ્રગતિ અને વિકાસના ચાહક છીએ પરંતુ આ માર્ગે ઉતાવળિયા નિર્ણયો કરી લોકોના મન ભંગને આમંત્રણ આપવું !

બધાને આપણા લાડીલા વડાપ્રધાન મોદી સાહેબ ઉપર ખુબ ભરોસો અને વિશ્વાસ છે છતાં સરકાર માત્ર એક વ્યક્તિ ચલાવતી નથી. લોકોના સવાલો માટે વિવિધ મંત્રાલયો છે તો સંલગ્ન મંત્રાલય દ્વારા દંડનીય પદ્ધતિ ઉપર પુનઃ વિચારણા અવશ્ય કરવી જ જોઈએ. બે ટંકનું ભોજન નથી, પહેરવા પૂરતા વસ્ત્રો નથી - એવા લોકોની સંખ્યા બહુ મોટી છે ત્યાં જે મધ્યમ વર્ગ છે કે સ્મોલ સ્કેલ યુનિટ છે એ સમાજને ચેતનવંત દોડતો રાખે છે અને આવા લોકોની હવે કમ્મર તૂટી રહી છે ત્યારે આડેધડ અમલીકરણ નિરાશાને જન્મ આપશે. બીજી તરફ જે સુવિધાઓ પૂરી પાડવાની ફરજ હોય છે ત્યાં કદી કોઈ ઉતરદાયિત્વ કેમ નક્કી થતું નથી? રસ્તાઓના કામોની ગુણવત્તા ઈત્યાદિ કેમ સુનિશ્ચિત થતા નથી આ પણ એક સવાલ છે.

ટ્રાફિક પ્રશ્નોમાં પ્રજા તરફથી શિસ્ત જળવાઈ રહે એ ખુબ ખુબ જરૂરી છે અને સરકારની ખેવના અંગે ખેદ નથી પરંતુ દેશની જનતાના વિવિધ વર્ગની આર્થિક સ્થિતિને એક બાજુએ મૂકીને અતિ ભારે દંડના નિયમો બનાવી દેવાતી આ સમસ્યા ઉકેલી શકાય તેમ માનવામાં કંઈક ક્ષતિ આવશ્યક છે. રાષ્ટ્રના રસ્તાઓ, ફલાયઓવર વગેરના કામો બહોળા પ્રમાણમાં થઈ રહ્યા છે અને બીજી તરફ જે રસ્તાઓ ઉપર ટ્રાફિક ચાલે ત્યાં જાળવણી કે રિપેરીંગ ઈત્યાદિ ઝડપી થતા નતી તે માટે દોષ કોનો ? હેલ્મેટ લેવા માટે લોકો જાય નહીં તો નવા ટુ વ્હીલરના વેચાણ વખતે હેલ્મેટ ફરજિયાત વાહન જોડે જ આપવામાં આવે અને તે માટે પ્રમાણિત કંપનીઓ પણ આ હેતુમાં જોડાય તેવું આયોજન શા માટે અમલી ના થઈ શકે? પીયુસી જે રીતે ઈસ્યુ થઈ રહ્યા છે તે શું હકીકતમાં સાર્થક હોય તેવું લાગે છે ખરું ? આર.ટી.ઓ. પાસે જરૂરી માળકું પણ જોવા મળતું નથી ઉપરાંત ત્યાં આમ નાગરિક સાવ બિચારો થઈ જાય એ દૃશ્ય જોઈને સમજદાર નાગરિક મનોમન દુઃખી થાય છે. સમગ્ર ઢાંચામાં પહેલા સક્ષમતા ઊભી કરો પછી તેનો ઉપયોગ કરો તો શું પ્રોબ્લેમ છે? જનતાને દિલથી જો ચાહતા હોઈએ તો ઉતાવળે નિર્ણયો ટાળવાની અપીલ છે. ગડકરીજી કહે છે કે નવા દંડનીય માળખાનો હેતુ કમાણી કરવાનો નથી પણ જીવ બચાવવાની કાળજી છે પણ આ નિવેદન લોકોને ગળા નીચે ઉતરતું નથી. દિવસભરની મજુરી બાદ માંડ જીવન નિભાવી શકે તેવા પ્રજાજનોની હાય ના લાગે કારણ કે આ લોકો પણ ટુ વ્હીલર રાખે છે. સમગ્ર રાષ્ટ્રના સર્વ સમુદાયનું હિત સચવાય તેવા કદમ દેશની તાકાત વધારશે.

શેર આસ્વાદ :
તુમ પૂછતે હી નહીં પરેશાની કી વજહ,
કુછ ઈસ વજહ સે ભી પરેશાન હું મૈં